(D) દરેક વર્ષ માટે પ્રવેશ નોંધણીના વર્ગદીઠ અંદાજો શાળા વિકાસ યોજનામાં સમાવવા જોઈએ

161. જે શાળા કાયમી ધોરણે બંધ કરવામાં આવે તે શાળાના સામાન્ય રજીસ્ટર અને બીજા રજીસ્ટર કઈ સંસ્થા / કચેરીને સોંપવા જોઈએ ?

(A) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી
(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી
(C) પે-સેન્ટરની શાળાને
(D) શાળાની નજીક આવેલ શાળાને

162. RTE Rules, 2012 અન્વયે અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પધ્ધતિ કરાવનાર શૈક્ષણિક સત્તામંડળ તરીકે કઈ સંસ્થા નિયત કરવામાં આવી છે ?

(A) ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
(B) ગુજરાત કવોલિટી એક્રેડીટેશન કાઉન્સિલ
(C) ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ
(D) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ

163. નાચેના પૈકી કોનો વેદકાલીન શિક્ષણ પાઠ્યક્રમમાં સમાવેશ થતો નથી ?

(A) વેદાંગ
(B) તર્કશાસ્ત્ર
(C) વ્યાવસાયિક શિક્ષણ
(D) રાજ્યવ્યવસ્થા અને પ્રશાસન

164. બૌદ્ધકાલીન શિક્ષણ પ્રણાલીમાં 'પ્રવ્રજયા' નો અર્થ ....... થાય છે.

(A) સંન્યાસ
(B) સંન્યાસની દીક્ષા
(C) અનુશાસન
(D) ગૃહત્યાગ

165. RTE Rules, 2012 અંતર્ગત નિયમ-33 હેઠળ રચવામાં આવનાર રાજ્ય સલાહકાર પરિષદમાં રાજીનામાં કે અન્ય કોઈ કારણોસર કોઈ જગ્યા ખાલી પડે તો કેટલા દિવસની અંદર નવી નિમણૂક કરવી જોઈએ ?

(A) 120 દિવસ
(B) 180 દિવસ
(C) 60 દિવસ
(D) 30 દિવસ

166. નીચે દર્શાવેલ પૈકી કોણ વ્યવહારવાદી ફિલસૂફ અને કેળવણી કાર હતા ?

(i) ગાંધીજી

(ii) જહોન ડયુઈ

(iii) સોક્રેટીસ

(iv) રવીન્દ્રનાથ ટાગોર

(A) માત્ર (i) અને (ii)
(B) માત્ર (i) અને (iv)
(C) માત્ર (ii) અને (iii)
(D) માત્ર (i) અને (iii)

167. RTE Rules, 2012 અંતર્ગત આપવામાં આવેલ પરિશિષ્ટ- 1 (નિયમ-15) અંતર્ગત દર કેટલા વર્ષે શાળાનું મૂલ્યાંકન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 4 વર્ષ
(B) 3 વર્ષ
(C) 2 વર્ષ
(D) 1 વર્ષ

168. રાજ્ય સલાહકાર પરિષદ બેઠકમાં પરિષદના ઓછામાં ઓછા કેટલા ટકા સભ્યો હાજર હોય તો બેઠકનું કોરમ પૂર્ણ ગણાય ?

(A) 1/4 સભ્યો
(B) 1/2 સભ્યો
(C) 3/4 સભ્યો
(D) 1/5 સભ્યો

169. બૌદ્ધકાલીન શિક્ષણ માટે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) શિક્ષણનું માધ્યમ સંસ્કૃત હતું.

(B) સાર્વજનિક પ્રાથમિક શિક્ષણનું કેન્દ્ર 'બૌદ્ધમઠ' હતા.

(C) બાળક સામેતર તરીકે 12 વર્ષ સુધી 'બૌદ્ધમઠ' માં અભ્યાસ કરતો.

(D) શિક્ષક તરીકે વિભિન્ન જાતિના ભિક્ષુઓ હતા.

170. 'ભારતીય વિશ્વવિદ્યાલય અધિનિયમ' કયા અંગ્રેજ શાસક દ્વારા પસાર કરવામાં આવ્યો હતો ?

(A) કર્ઝન
(B) વિલિયમ બેન્ટીક
(C) હેસ્ટિંગ્ઝ
(D) માઉન્ટ બેટન

171. RTE Act-2009 માં આપવામાં આવેલ અનુસૂચિમાં નીચે પૈકી કઈ જોગવાઈનો સમાવેશ થતો નથી ?

(A) વિદ્યાર્થીઓઓની સંખ્યા આધારીત શિક્ષક
(B) શિક્ષકોની સંખ્યા આધારીત વર્ગખંડ
(C) એક જ ગામ, એક જ શાળા
(D) શાળા દીઠ લાઈબ્રેરી

172. મેકોલો માટે નીચે દર્શાવેલ કયું વિધાન સાચું નથી ?

(A) તેઓ બંગાળ શિક્ષક સમિતિના અધ્યક્ષ હતા

(B) તેમણે અંગ્રજી શિક્ષણનો પાયો નાખ્યો

(C) તેમને 'બાબુવર્ગ' ઊભો કરવાનો શ્રેય મળ્યો

(D) તેમણે સહાયક અનુદાન (Grant in Aid) ની ભલામણ કરી

173. RTE Act-2009 મુજબ ધોરણ 1 થી 5 ની પ્રાથમિક શાળામાં 160 વિદ્યાર્થીઓ હોય તો કુલ કેટલા શિક્ષકો મળવાપાત્ર થાય ?

(A) 4
(B) 5
(C) 6
(D) 7

174. પ્રથમ ભારતીય શિક્ષણ પંચ (1882-83) ના પ્રમુખ કોણ હતા ?

(A) રીપન
(B) મેકોલો
(C) વિલિયમ હન્ટર
(D) ચાર્લ્સ વુડ

175. આઝાદી પૂર્વે પ્રાથમિક શિક્ષણને જિલ્લાબોર્ડ અને નગરપાલીકાને સોંપવાની ભલામણ કયા પંચ દ્વારા કરવામાં આવી ?

(A) રેલે કમિશન
(B) સેડલર કમિશન
(C) હન્ટર કમિશન
(D) ઉપર દર્શાવેલ પૈકી એકપણ નહિ

176. બાળકના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ, 2009 અંતર્ગત બાળકોના પ્રવેશ સંદર્ભે કઈ જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) શાળાના શૈક્ષણિક સત્ર શરૂ થયા પછી છ માસ સુધી પ્રવેશ આપી શકાય
(B) શાળાના શૈક્ષણિક સત્ર શરૂ થયા પછી ત્રણ માસ સુધી પ્રવેશ આપી શકાય
(C) શાળાના શૈક્ષણિક સત્ર શરૂ થયા પછી નવ માસ સુધી પ્રવેશ આપી શકાય
(D) પ્રવેશ આપવા સંદર્ભે કોઈ મુદત નિયત કરવામાં આવેલ નથી

177. 'વર્ધા યોજના' ની ભલામણો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચાં છે ?

(i) પાયા ના ઉદ્યોગ માટે દૈનિક 3 કલાક 20 મિનિટનો સમય ફાળવવો
(ii) સંપૂર્ણ શિક્ષણ કોઈ એક પાયાના ઉત્પાદક શ્રમ દ્વારા આપવું

(A) માત્ર (i)
(B) માત્ર (ii)
(C) માત્ર (i) અને (ii) બંને
(D) માત્ર (i) અને (ii) પૈકી એકપણ નહીં

178. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ નિયમો, 2012 ના નિયમ 22(3) અંતર્ગત શાળાએ કુલ કેટલા રેકર્ડ અને રજીસ્ટર નિભાવવા ફરજિયાત છે ?

(A) 12
(B) 13
(C) 14
(D) 15

179. પ્રથમ ભારતીય શિક્ષણ પંચનું મૂખ્ય કાર્યક્ષેત્ર નીચેના પૈકી કયું હતું ?

(A) પ્રાથમિક શિક્ષણ
(B) માધ્યમિક શિક્ષણ
(C) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ
(D) ઉચ્ચ શિક્ષણ

180. શિક્ષણ વિભાગના તા.31/01/202 ના જાહેરનામા મુજબ કયા શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીએ ધોરણ-1 માં પ્રવેશ માટે 1 લી જુનના રોજ 6 વર્ષ પૂર્ણ કરેલ હોવા જરૂરી છે ?

(A) 2021-22
(B) 2022-23
(C) 2023-24
(D) 2024-25

181. ગુજરાત માધ્ય. અને ઉચ્ચ.માધ્ય. શિક્ષણ અધિનિયમ,1972 ની કલમ- 33 મુજબ સંચાલકે અધિનિયમ અથવા વિનિયમો હેઠળ પાલન કરવામાં બેદરકારી દર્શાવેલ છે અને રાજ્ય સરકાર, શાળાનો વહીવટ પોતાના હસ્તક લેવા માંગે છે તો રાજ્ય સરકાર આવી શાળાનો વહીવટ વધુમાં વધુ કેટલા સમય માટે પોતાના હસ્તક લઈ શકશે ?

(A) 1 વર્ષ
(B) 3 વર્ષ
(C) 5 વર્ષ
(D) કાયમ માટે

182. નીચેના પૈકી કઈ જોડી સાચી નથી ?

(i) યુનિવર્સિટી શિક્ષણ પંચ - 1948-49
(ii) કોઠારી કમિશન - 1964-49
(iii) મુદલિયાર કમિશન - 1950-51
(iv) આચાર્ય રામમૂર્તિ સમિતિ - 1990

(A) માત્ર (i)
(B) માત્ર (ii)
(C) માત્ર (iii)
(D) (i) અને (ii)

183. રાજ્યની પ્રાથમીક શાળાઓ માટેનું વાર્ષિક શૈક્ષણિક આયોજન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) ગુજરાત રાજ્ય પ્રારંભિક શિક્ષણ પરીષદ
(B) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ
(C) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
(D) સમગ્ર શિક્ષાની કચેરી

184. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ખાસ બેઠક બોલાવવા સંદર્ભે નીચે પૈકીની કઈ જોગવાઈ સુસંગત છે ?

(A) બોર્ડના કુલ સભ્યોના 1/3 સભ્યોની લેખિત વિનંતીથી 21 દિવસમાં બેઠક બોલાવવી જોઈશે.

(B) બોર્ડના કુલ સભ્યોના 2/3 સભ્યોની લેખિત વિનંતીથી 14 દિવસમાં બેઠક બોલાવવી જોઈશે.

(C) બોર્ડના કુલ સભ્યોના 1/3 સભ્યોની લેખિત વિનંતીથી 14 દિવસમાં બેઠક બોલાવવી જોઈશે.

(D) બોર્ડના કુલ સભ્યોના 2/3 સભ્યોની લેખિત વિનંતીથી 21 દિવસમાં બેઠક બોલાવવી જોઈશે.

185. 'પાઠ્ય પુસ્તક મંડળ' ની રચના કરવી એ કઈ / કયા સમિતિ / કમિશનની ભલામણ હતી ?

(A) કોઠારી કમિશન
(B) મુદલિયાર કમિશન
(C) ડૉ. રાધાકૃષ્ણ કમિશન
(D) ઈશ્વરભાઈ પટેલ કમિશન

186. 'રાષ્ટ્રીય શિક્ષણ નીતી (2020)' ના દસ્તાવેજમાં પાયાના તબક્કાના શિક્ષણ માટે કેટલા વર્ષનો સમયગાળો સૂચવવામાં આવ્યો છે ?

(A) 2
(B) 3
(C) 5
(D) 7

187. રજીસ્ટર થયેલ શાળાને અધિનિયમ અથવા વિનિયમોની જોગવાઈના ભંગ બદલ કાયમ માટે રજીસ્ટર માંથી તે શાળાનું નામ કાઢી નાંખવા આદેશ કરેલ છે ત્યારે બોર્ડના નિર્ણયથી નારાજ થયેલ કોઈ વ્યકિત કોને અપીલ કરી શકશે ?

(A) ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ.માધ્ય. શિક્ષણ બોર્ડ

(B) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી

(C) સચીવશ્રી, ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

(D) રાજ્ય સરકાર

188. રજીસ્ટર થયેલ ખાનગી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક કે બિનશૈક્ષણિક સ્ટાફ પોતાનું રાજીનામું આપવા ઈચ્છે છે તો તેઓએ પોતાનુ રાજીનામું કોને આપવું જોઈશે ?

(A) શાળાના આચાર્યને
(B) શાળાના સંચાલકને
(C) જિલ્લા શિક્ષણાધિકારીને
(D) ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડના સચિવને

189. કોઠારી કમિશન દ્વારા માધ્યમિક શિક્ષણના સંદર્ભમાં નીચે પૈકી કઈ ભલામણ / ભલામણો કરવામાં આવેલ હતી ?

(i) પાંચ માઈલના વિસ્તારમાં અથવા 5000ની વસ્તીએ એક માધ્યમિક શાળા સ્થાપવી

(ii) વ્યાવસાયિક ક્ષમતા ખીલવવા કાર્યાનુભવ પૂરો પાડવો

(A) માત્ર (i)
(B) માત્ર (ii)
(C) (i) અને (ii) બંને
(D) ઉપર પૈકી એકપણ નહી

190. બોર્ડ દ્વારા સંચાલીત પરીક્ષા સંબંધીકોઈપણ વિગતના સંબંધના ગુપ્તતાને પ્રતિકૂળ અસર પડે તે રીતે વિગતોનો ઉપયોગ કરે તેવા ગુના માટે દોષિત કરેલ વ્યકિતને નીચે પૈકી કઈ શિક્ષા થઈ શકે ?

(A) ઓછામાં ઓછી 1 વર્ષની સજા, જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદ અથવા બે લાખ સુધી દંડ અથવા બંને શિક્ષા થઈ શકે.

(B) ઓછામાં ઓછી 3 વર્ષની સજા, જે પાંચ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદ અથવા બે લાખ સુધી દંડ અથવા બંને શિક્ષા થઈ શકે.

(C) ઓછામાં ઓછી 1 વર્ષની સજા, જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદ અથવા પાંચ લાખ સુધી દંડ અથવા બંને શિક્ષા થઈ શકે.

(D) ઓછામાં ઓછી 3 વર્ષની સજા, જે પાંચ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદ અથવા પાંચ લાખ સુધી દંડ અથવા બંને શિક્ષા થઈ શકે.

191. ગુજરાત માધ્ય.અને ઉચ્ચ.માધ્ય.શિક્ષણ બોર્ડના હોદ્દાની રૂએના સભ્યો અને નામ નિયુક્ત થયેલ સભ્યો સિવાયના સભ્યો કેટલી મુદત માટે હોદ્દો ધરાવશે ?

(A) બે વર્ષ (B) ત્રણ વર્ષ

(C) ચાર વર્ષ (D) પાંચ વષ

192. કઈ સમિતનો અહેવાલ 'કાર્ય અધ્યયન' (Learning to Do) ના નામે પ્રગટ થયો ?

(A) શ્રી ઈશ્વરભાઈ પટેલ સમિતિ (B) ડૉ. આદિસેશિઆહ સમિતિ

(C) આચાર્ય રામમૂર્તિ સમિતિ (D) પ્રો. યશપાલશર્મા સમિતિ

193. હોદ્દાની રૂએ બોર્ડનો સભ્ય ન હોય તેવો કોઈ સભ્ય રાજીનામું આપવા ઈચ્છે તો તેણે પોતાનું લેખિત રાજીનામું કોને રજૂ કરવું જોઈએ ?

(A) બોર્ડના સચિવશ્રી (B) શિક્ષણ વિભાગના સચિવશ્રી

(C) બોર્ડના અધ્યક્ષશ્રી (D) શિક્ષણ મંત્રીશ્રી

194. ગુજરાતમાં રાષ્ટ્રીય ખુલ્લી શાળા (National Open School) ની શરૂઆત કયા વર્ષથી થઈ ?

(A) 1985 (B) 1990

(C) 1992 (D) 1995

195. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ,2020 અન્વયે ખ-વર્ગ (ચૂંટાયેલા સભ્ય) તરીકે ગુજરાત વિધાનસભાના કેટલા સભ્યોને પસંદ કરી મોકલવા જાઈશે ?

(A) પાંચ સભ્યો (B) બે સભ્યો

(C) ત્રણ સભ્યો (D) ચાર સભ્યો

196. ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટિની સ્થાપના કયા વર્ષમાં થઈ ?

(A) 1994 (B) 1990

(C) 1988 (D) 1985

197. 6 થી 14 વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની બંધારણની જોગવાઈ બંધારણના કેટલામા સુધારાથી કરવામાં આવી ?

(A) 81 (B) 82

(C) 86 (D) 87

198. રાજ્યની શાળાઓમાં થતી શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓના મોનિટરીંગ અને ટ્રેકિંગ માટે તાજેતરમાં કઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે ?

(A) Online Tracking System (B) CCC for schools

(C) UDISE (D) ઉપર પૈકી એકપણ નહીં

199. જો કોઈ વ્યકિત ગુ.મા.ઉ.મા.શિ.અધિનિયમ- 1972 ની કલમ 31ની પેટાકલમ (1) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે ત્યારે તે વ્યકિતને દોષિત ઠરેથી ગુ.મા.ઉ.મા.શિ.(સુધારા) અધિનિયમ- 2018 અન્વયે નીચે પૈકી કઈ સજા થઈ શકશે ?

(A) રૂ.એક લાખથી રૂ.બે લાખ સુધીનો દંડ (B) રૂ.બે લાખથી રૂ.ત્રણ લાખ સુધીનો દંડ

(C) રૂ.ત્રણ લાખથી રૂ.ચાર લાખ સુધીનો દંડ (D) રૂ.ચાર લાખથી રૂ.પાંચ લાખ સુધીનો દંડ

200. NCERT દ્વારા સંચાલિત ક્ષેત્રીય શિક્ષણ સંસ્થાન (RIE) નીચેના પૈકી કયા રાજ્યમાં આવેલું છે ?

(A) મણીપુર (B) નાગાલેન્ડ

(C) સિકકીમ (D) મેઘાલય

201. "રાજ્ય સરકાર ફરમાવે તેવા અહેવાલો, પત્રકો અને નિવેદનો અને બોર્ડના કામકાજ સાથે સંકળાયેલી કોઈ બાબત સંબંધી રાજ્ય સરકાર મંગાવે તેવી વધુ માહિતી બોર્ડ રાજ્ય સરકારને પૂરી પાડવી જોઈશે." આ જોગવાઇ ગુજરાત માધ્ય. અને ઉ.માધ્ય. શિક્ષણ અધિનિયમ 1972 ની કઈ કલમમાં છે ?

(A) 45 (B) 46

(C) 47 (D) 48

202. રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ બોર્ડ તેની સત્તા બહાર વર્તે છે અથવા સત્તાનો દુરુપયોગ કરે છે તો રાજ્ય સરકાર વધુ કેટલા વર્ષ માટે બોર્ડનું વિસર્જન કે રદ કરી શકશે ?

(A) 1 વર્ષ
(B) 3 વર્ષ
(C) 5 વર્ષ
(D) કાયમ માટે

203. વર્ષ 2021 માં હાથ ધરાયેલ નેશનલ એચિવમેન્ટ સર્વેની કસોટીનું સંચાલન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું ?

(A) CBSE
(B) GCERT
(C) NCERT
(D) CCRT

204. 'પ્રાથમિક શિક્ષક' નામની ત્રિમાસિક પત્રિકાનું પ્રકાશન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) MHRD
(B) NCERT
(C) GCERT
(D) SSA

205. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ અથવા કોઈપણ વિનિયમ અથવા ઉપનિયમની કોઈપણ જોગવાઈના અર્થઘટન સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો રાજ્ય સરકારને પૂછાણ કરવા માટે મોકલવાની માંગણી માટે ઓછામાં ઓછા કેટલા સભ્યોની સંમતિ જોઈશે ?

(A) 1/2
(B) 1/3
(C) 2/3
(D) 1/4

206. શાળાઓના બાળકોના દફતરનો ભાર ઓછો કરવા સંદર્ભ હાલમાં શું જોગવાઈ છે ?

(i) વિદ્યાર્થીના દફતર નું વજનથી દસમા ભાગનું એટલે કે 10% થી વધવું જોઈશે નહી.

(ii) ધોરણ 6 અને 7 માં બે કલાકથી વધારે ગૃહકાર્ય આપવું નહિ

(A) માત્ર (i)
(B) માત્ર (ii)
(C) (i) અને (ii)
(D) ઉપર પૈકી એકપણ નહીં

207. બોર્ડમાં ચૂંટાયેલા કે નામ નિયુકત થયેલા સભ્ય બોર્ડની લાગલગાટ કેટલી બેઠકમાં અધ્યક્ષની પરવાનગી વિના ગેરહાજર રહે તો તેમ થયે તેનો હોદ્દો ખાલી પડશે ?

(A) ત્રણ બેઠક
(B) ચાર બેઠક
(C) પાંચ બેઠક
(D) આવી કોઈ જોગવાઈ નથી

208. શિક્ષણ વિભાગના તા.14/07/2021 ના ઠરાવથી ધોરણ-10 ના વિદ્યાર્થીઓ માટે નીચે પૈકી કયો / કયા ફેરફાર કરવામાં આવ્યો / આવ્યા છે ?

(i) ધોરણ- 10 ગણિત વિષય માટે ગણિત બેઝિક અને ગણિત સ્ટાન્ડર્ડ એમ બે પ્રકારના પાઠ્ય પુસ્તકો રહેશે

(ii) ધોરણ- 10 ગણિત વિષય માટે ગણિત બેઝિક અને ગણિત સ્ટાન્ડર્ડ એમ બે પ્રકારના પ્રશ્નપત્રો આપવામાં આવશે

(A) માત્ર (i)
(B) માત્ર (ii)
(C) (i) અને (ii) બંને
(D) ઉપર પૈકી એકપણ નહીં

209. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) અધિનિયમ, 2020 મુજબ ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડમાં નીં; પૈકી કયા અધિકારી હોદ્દાની રૂએ વર્ગ-ક ના સભ્ય નથી ?

(A) ચેરમેન, રાજ્ય પરીક્ષા બોર્ડ
(B) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સમગ્ર શિક્ષા
(C) સંયુકત શિક્ષણ નિયામક (10+2)
(D) નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

210. 'DIKSHA' પોર્ટલના સંદર્ભમાં નીચે દર્શાવેલ કયું વિધાન સાચું છે ?

(A) આચાર્યો અને શિક્ષકોને તાલીમ આપતું digital પ્લેટફોર્મ છે

(B) વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના સંદર્ભમાં e-content પુરું પાડતું digital પ્લેટફોર્મ છે

(C) શાળાઓનો data base છે

(D) ઉપર જણાવેલ તમામ

211. ગુજરાત માધ્ય અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ પોતાના માટે પૂરતા આવકનાં સાધનોની જોગવાઈ કરવા માટે ખુલ્લા બજારમાં અથવા બીજી રીતે નાણાં ઉછીના લેવા ઈચ્છે છે, તો બોર્ડ ગુજરાત માધ્ય. અને ઉ.મા. શિક્ષણ અધિનિયમ-1972 ની કલમની જોગવાઈ અનુરૂપ તેમ કરી શકશે ?

(A) 23
(B) 24
(C) 25
(D) 26

212. 'પ્રખરતા શોધ કસોટી' કઈ સંસ્થા દ્વારા લેવામાં આવે છે ?

(A) રાજ્ય પરીક્ષા બોર્ડ
(B) GCERT
(C) GIET
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

213. 'NISHTHA'તાલીમના સંદર્ભમાં નીચે દર્શાવેલ કયું વિધાન સાચું નથી ?

(A) આ તાલીમ NCERT દ્વારા આપવામાં આવે છે.
(B) હાલમાં આ તાલીમ ઓનલાઈન મોડથી આપવામાં આવે છે
(C) આ તાલીમ CPD (Continuous Proficiency Development)તરીકે આપવામાં આવે છે
(D) આ તાલીમ ફકત સરકારી શાળાના શિક્ષકો માટે છે

214. ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડના ત્રીજા વર્ગના કર્મચારીઓ નીમવાની સત્તા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,1974 મુજબ કોને છે ?

(A) બોર્ડના સચિવ
(B) બોર્ડના અધ્યક્ષ
(C) બોર્ડની કારોબારી સમિતિ
(D) બોર્ડના ઉપાધ્યક્ષ

215. નેશનલ મિન્સ કમ મેરીટ પરીક્ષા કઈ સંસ્થા દ્વારા લેવામાં આવે છે ?

(A) રાજ્ય પરીક્ષા બોર્ડ
(B) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષમ બોર્ડ
(C) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
(D) જી.સી.ઈ.આર.ટી

216. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,1974 અન્વયે ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડના કોષાધ્યક્ષ તરીકે કોણ ફરજ બજાવે છે ?

(A) બોર્ડના અધ્યક્ષ
(B) બોર્ડના ઉપાધ્યક્ષ
(C) બોર્ડના સચિવ
(D) બોર્ડના કનટ્રોલર ઓફ એકાઉન્ટ એન્ડ સ્ટોર્સ

217. રાષ્ટ્રીય ઈન્ડીયન મિલિટરી કોલેજ, દહેરાદૂન માં કયા ધોરણથી પ્રવેશ આપવામાં આવે છે ?

(A) 6
(B) 7
(C) 8
(D) 10

218. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોનું અમલીકરણ કઈ તારીખથી શરૂ થયેલ છે ?

(A) 16/03/1974
(B) 26/03/1974
(C) 13/06/1974
(D) 23/06/1974

219. ''માનવની સંપૂર્ણ વ્યકિતમત્તાનું પ્રગટીકરણ એટલે શિક્ષણ'' શિક્ષણની આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવી છે ?

(A) ગાંધીજી
(B) સ્વામી વિવેકાનંદ
(C) જોન ડયુઈ
(D) એરિસ્ટોટલ

220. ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની અભ્યાસ સમિતિ હોય તો તે સિવાયની સમિતિના સભ્યોના હોદ્દાની મુદત કેટલા વર્ષની હોય છે ?

(A) 1 વર્ષ
(B) 2 વર્ષ
(C) 3 વર્ષ
(D) 4 વર્ષ

221. 'હાઈકુ' કાવ્યકૃતિનો ઉદ્દભવ કયા દેશમાં થયો ?

(A) ઈટલી
(B) ભારત
(C) જાપાન
(D) જર્મની

222. ગુજરાત ભાષામાં 'સોનેટ' ના સંદર્ભમાં નીચે પૈકી કયું / કયાં વિધાન સાચું / સાચા છે ?
(A) તે પંડિત ધરાવતી સુગ્રથિત કાવ્યરચના છે
(B) તે ઊર્મિકાવ્યનો જ એક પ્રકાર છે.
(C) ગુજરાતી સાહિત્યમાં વિકસેલાં મુખ્ય કાવ્ય સ્વરૂપોમાં તે મહત્વનું સ્વરૂપ છે
(D) ઉપર જણાવેલ તમામ

223. ગુજરાતમાં 'ગુણોત્સવ' કાર્યક્રમની શરૂઆત કયા વર્ષથી કરવામાં આવી ?
(A) 2002 (B) 2005
(C) 2009 (D) 2012

224. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો,1974 ના વિનિયમ 9(10)(2) - બ ની જોગવાઈ અનુસાર નોંધાયેલ બિનસરકારી ગ્રાન્ટ-ઈન-એઈડ શાળા પોતાના મકાન / સ્થળ ફેરફારની દરખાસ્ત કરવા ઈચ્છે તો બે કિ.મી થી વધુના અંતરે મકાન / સ્થળ ફેરફાર મંજૂરી કરવાની સત્તા કોને છે ?
(A) જિલ્લા શિક્ષણાધિકારી (B) સચિવ, ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડ
(C) બોર્ડની કારોબારી સમિતિ (D) શિક્ષણ વિભાગ

225. નીચેના પૈકી કોણ બાળકાવ્યો,બાળવાર્તાઓ અને બાળનાટકોના સર્જક તરીકે જાણીતા છે ?
(A) મકરંદ દવે (B) બકુલ ત્રિપાઠી
(C) રમણલાલ સોની (D) કલાપી

226. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથાના લેખક કોણ છે ?
(A) લાભશંકર ઠાકર (B) મનુભાઈ પંચોળી
(C) ઈશ્વર પેટલીકર (D) ઝવેરચંદ મેઘાણી

227. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974 ની સુધારેલા જોગવાઈ મુજબ શાળામાં ફાયર સેફટી માટે દરેક માળદીઠ કેવી સુવિધા હોવી જોઈએ ?
(A) ઓછામાં ઓછા બે સિલિન્ડર (5 કિલો) અને રેતી ભરેલ ઓછામાં ઓછા ત્રણ ડોલો
(B) ઓછામાં ઓછા એક સિલિન્ડર (4 કિલો) અને રેતી ભરેલ ઓછામાં ઓછા બે ડોલો
(C) ઓછામાં ઓછા ત્રણ સિલિન્ડર (5 કિલો) અને રેતી ભરેલ ઓછામાં ઓછા ત્રણ ડોલો
(D) ઓછામાં ઓછા ચાર સિલિન્ડર (4 કિલો) અને રેતી ભરેલ ઓછામાં ઓછા ચાર ડોલો

228. ગુજરાતી ભાષામાં લેખક લાભશંકર ઠાકર વિશે કયું વિધાન સાચું નથી ?
(A) તેમનો વ્યવસાય આયુર્વેદના વૈદ્ય તરીકેનો હતો (B) 'બાથટબની માછલી' તેમનો એકાંકી સંગ્રહ છે
(C) તેઓ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના વતની હતા (D) તેમને રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો

229. રજીસ્ટર થયેલ શાળાના સંચાલક જે તારીખથી વર્ગોની સંખ્યામાં ઘટાડો કરવા ઈચ્છતા હોય તો તેણે ઓછામાં ઓછા કેટલા સમય પહેલા દરખાસ્ત કરવાની રહે છે ?
(A) છ માસ (B) ત્રણ માસ
(C) બે માસ (D) એક માસ

230. 'વાત્રકને કાઠે' વાર્તાસંગ્રહના લેખક કોણ છે ?
(A) ઉમાશંકર જોષી (B) પન્નાલાલ પટેલ
(C) ગુણવંત શાહ (D) ચુનીલાલ મડીયા

231. ફકત છોકરાઓ માટેની શાળાઓ છોકરીઓને દાખલ કરે ત્યારે આવી શાળાએ-
(ક) સ્ટાફમાં શાળામાં ચાલીસ છોકરીઓ દીઠ એક સ્ત્રી શિક્ષકના પ્રમાણમાં સ્ત્રી શિક્ષક રાખવાં જોઈશે.
(ખ) સંચાલક મંડળ ઈચ્છેતો છોકરીઓ માટે રજીસ્ટર્ડ થયેલ શાળામાં સ્ત્રી કર્મચારી રાખી શકાશે.
(A) ફકત (ક) સાચું (B) ફકત (ખ) સાચું
(C) (ક) અને (ખ) બંને સાચાં (D) (ક) અને (ખ) બંને ખોટા

232. મહાત્મા ગાંધીના આધ્યાત્મિત માર્ગદર્શક કોણ હતા ?

(A) ટોલ્સટોય (B) વિનોબા ભાવે

(C) લોકમાન્ય ટિળક (D) શ્રીમદ્ રાજચંદ્ર

233. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974 ની જોગવાઈ મુજબ રજિસ્ટર થયેલ શાળાએ અઠવાડિયામાં કેટલા કલાકનું શિક્ષણ આપવું ફરજિયાત છે ?

(A) 21 કલાક (B) 27 કલાક

(C) 45 કલાક (D) 30 કલાક

234. શિક્ષણ વિભાગના તા.19/01/2021 ના ઠરાવથી 1001 થી 1400 વિદ્યાર્થી ધરાવતી શાળા માટે બિનશૈક્ષણિક કર્મચારીઓનું કુલ સંખ્યાબળ મળવાપાત્ર થાય છે ?

(A) જુનિયર કલાર્ક -2, સિનિયર કલાર્ક-2, કુલ-4

(B) જુનિયર કલાર્ક -1, સિનિયર કલાર્ક-1, હેડકલાર્ક-1, કુલ-3

(C) જુનિયર કલાર્ક -2, સિનિયર કલાર્ક-1, હેડકલાર્ક-1, કુલ-4

(D) જુનિયર કલાર્ક -2, હેડકલાર્ક-1, કુલ-3

235. નીચે દર્શાવેલ સાહિત્યકારો પૈકી કોને સાહિત્ય માટેનો સર્વોચ્ચ "જ્ઞાનપીઠ પુરસ્કાર" પ્રાપ્ત થયેલ છે ?

(A) રઘુવીર ચૌધરી (B) રમેશ પારેખ

(C) હરીન્દ્ર દવે (D) ઈશ્વર પેટલીકર

236. હેડમાસ્તર, શિક્ષક અથવા બિન અધ્યાપકીય સ્ટાફના કોઈ સભ્યની નિમણૂક થયેથી કેટલા સમયની અંદર બોર્ડ નિર્દિષ્ટ કરેલ તબીબી વ્યવસાયીઓ પાસેથી તબીબી પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે ?

(A) એક માસ (B) ત્રણ માસ

(C) ચાર માસ (D) છ માસ

237. "એ ગીત તો ગૌરવપૂર્વક આપણે ગાઈ શકીએ તેમ છીએ- શૈશવથી વૃદ્ધાવસ્થા સુધી"- આ વાકયમાં અધોરેખિત સમાસનો પ્રકાર જણાવો.

(A) કર્મધારય (B) ઉપપદ

(C) દ્વન્દ્વ (D) તત્પુરૂષ

238. રજીસ્ટર થયેલ શાળાના દરેક કર્મચારી માટે શાળાના સંચાલકોએ કયા નમૂનામાં સર્વિસ બુક શરૂ કરવી જોઈશે ?

(A) નમૂનો - 3 (B) નમૂનો - 4

(C) નમૂનો - 5 (D) નમૂનો - 6

239. "મારે મન લાયબ્રેરી લોકશાહીનું મંદીર છે."- આ વાક્યમાં કયો અલંકાર છે ?

(A) રૂપક (B) વ્યતિરેક

(C) ઉપમા (D) ઉત્પ્રેક્ષા

240. રજીસ્ટર થયેલ માધ્યમિક શાળાના હંગામી કર્મચારીએ પ્રથમ સત્ર માં કેટલા સમય સુધી કામ કર્યુ હોય તો તે વેકેશન પગાર માટે હકદાર રહેશે ?

(A) પ્રથમ સત્રમાં તમામ દિવસ (B) પ્રથમ સત્રમાં ત્રણ માસ

(C) પ્રથમ સત્રમાં બે માસ (D) પ્રથમ સત્રમાં એક માસ

241. "ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણિકા" આ પંક્તિનો છંદ ઓળખાવો

(A) શિખરીણી (B) મંદાક્રાન્તા

(C) મનહર (D) અનુષ્ટુપ

242. રજીસ્ટર્ડ માધ્યમિક શાળાના આચાર્ય માટે શાળાના શિક્ષકોના વર્ગખંડ નિરીક્ષણ સંદર્ભે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974 માં શી જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) આચાર્યએ શિક્ષકના દર પખવાડીયે વધુમાં વધુ બે પાઠનું નિરીક્ષણ કરવાનું રહેશે

(B) આચાર્યએ શિક્ષકના દર પખવાડીયે વધુમાં વધુ ત્રણ પાઠનું નિરીક્ષણ કરવાનું રહેશે

(C) આચાર્યએ શિક્ષકના દર પખવાડીયે વધુમાં વધુ એક પાઠનું નિરીક્ષણ કરવાનું રહેશે

(D) આચાર્યએ શિક્ષકના વર્ગખંડનું નિરીક્ષણ પોતાની અનુકૂળતા મુજબ કરવાનું રહેશે

243. નીચે દર્શાવેલ કવિ પૈકી કોને 'કવિ શિરોમણિ' નું બિરૂદ આપવામાં આવેલ છે ?

(A) મીરાંબાઈ (B) નરસીંહ મહેતા

(C) પ્રેમાનંદ (D) બોટાદકર

244. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 માં શિક્ષણ વ્યવસ્થાના માળખામાં નીચે પૈકી કયા પ્રકારનો ફેરફાર સૂચિત કરવામાં આવ્યો છે ?

(A) 10 + 2 + 3 (B) 5 + 3 + 3 + 4

(C) 3 + 2 + 3 + 4 (D) 5 + 3 + 4 + 3

245. 'આવકારો' કાવ્યના રચયિતા કોણ છે ?

(A) દલપતરામ (B) નર્મદ

(C) ચંદ્રકાન્ત શેઠ (D) દુલાભાયા કાગ

246. નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS) સામાન્ય રાતે દર કેટલા વર્ષ હાથ ધરવામાં આવે છે ?

(A) 2 (B) 3

(C) 5 (D) ઉપર પૈકી એકપણ નહિ

247. નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS)-2021 તાજેતરમાં ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ. આ સર્વેમાં કયા પ્રકારની શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો ?

(A) માત્ર સરકારી શાળાઓ (B) સરકારી અને અનુદાનિત શાળાઓ

(C) માત્ર કેન્દ્રીય શાળાઓ (D) સરકારી અને અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાઓ

248. નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS)-2021 માં જિલ્લા કક્ષાના કો-ઓર્ડીનેટરની નિમણૂક કોના દ્વારા કરવામાં આવી હતી ?

(A) GCERT (B) NCERT

(C) CBSE (D) SSA

249. વર્ધાયોજના માટે રચાયેલ સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) ડૉ. યશપાલ શર્મા (B) ડૉ.ઝાકીરહુસેન

(C) ડૉ. રાધાકૃષ્ણન (D) આ પૈકી એકપણ નહીં

250. મેકોલોએ તેમનું વિવરણપત્ર કાઉન્સિલ સમક્ષ ક્યારે રજૂ કર્યુ ?

(A) 2 ફેબ્રુઆરી, 1835 (B) 2 ફેબ્રુઆરી, 1839

(C) 10 જુન , 1835 (D) 10 જુન, 1834

251. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-1986 ના સંદર્ભમાં રચાયેલ સમીક્ષા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) પ્રો. યશપાલ શર્મા (B) આચાર્ય રામમૂર્તિ

(C) આચાર્ય નરેન્દ્રદવે (D) તારાચંદ

252. ગુજરાત માં સમરસ છાત્રાલયોનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) ગુજરાત અલ્પ સંખ્યક વિકાસ નિગમ (B) ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ

(C) ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી (D) ઉપર પૈકી એકપણ નહીં

253. સમરસ છાત્રાલયોમાં કયા વિભાગના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે ?

(A) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
(B) સ્નાતક કક્ષા
(C) અનુસ્નાતક કક્ષા
(D) સ્નાતક અને અનુસ્નાતક કક્ષા

254. રાજ્યમાં પ્રાથમિક શાળાઓ માટે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના કઈ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવે છે ?

(A) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ
(B) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
(C) ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
(D) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

255. રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની આદર્શ નિવાસી શાળાઓમાં કેટલા ધોરણ ચાલે છે ?

(A) ધોરણ 6 થી 12
(B) ધોરણ 9 થી 12
(C) ધોરણ 1 થી 8
(D) ધોરણ 1 થી 12

256. ગુણોત્સવ 2.0 અંતર્ગત શાળા મૂલ્યાંકનમાં સૌથી વધુ ભારાંક નીચે પૈકી કયા ક્ષેત્રને આપવામાં આવેલ છે ?

(A) શાળાનું મકાન
(B) સંશાધનો અને તેનો ઉપયોગ
(C) સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ
(D) અધ્યયન અને અધ્યાપન

257. ગુણોત્સવ 2.0 અંતર્ગત સ્કૂલ એક્રેડીટેશન માં .......ગુણાંકન મેળવનાર શાળાને ગ્રીન કલરકોડ આપવામાં આવે છે

(A) 85% થી 100%
(B) 90% થી 100%
(C) 80% થી 100%
(D) 75% થી 100%

258. ગુણોત્સવ 2.0 અંતર્ગત શાળાઓનું એક્રેડીટેશન કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) સી.આર.સી.કો.ઓર્ડીનેટર
(B) બી.આર.સી.કો.ઓર્ડીનેટર
(C) કેળવણી નિરીક્ષક
(D) સ્કૂલ ઈન્સ્પેક્ટર્સ

259. પ્રાથમિક શાળાઓનાં બાળકો સાર્વત્રિક મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરે તે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 માં કયાં સુધીમાં હાંસલ કરવાનું લક્ષ્ય રાખવામાં આવેલ છે ?

(A) ઈ.સ 2024
(B) ઈ.સ 2025
(C) ઈ.સ 2026
(D) ઈ.સ 2027

260. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 માં પૂર્વપ્રાથમિક થી માધ્યમિક સ્તરે 100% GER નો લક્ષ્ય કયા વર્ષ સુધીમાં પ્રાપ્ત કરવાનું નિયત કરવામાં આવેલ છે ?

(A) ઈ.સ 2025
(B) ઈ.સ 2030
(C) ઈ.સ 2035
(D) ઈ.સ 2040

261. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 અંતર્ગત દરેક શિક્ષક પોતાનો વ્યાવસાયિક વિકાસ કરી શકે તે માટે કેટલા કલાકના સતત વ્યાવસાયિક વિકાસના કોર્સમાં જોડાવા સૂચન થયેલ છે ?

(A) 25 કલાક
(B) 50 કલાક
(C) 75 કલાક
(D) 100 કલાક

262. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 અંતર્ગત / રાજ્ય કેન્દ્ર શાસિત પ્રદેશની શાળાઓ ન્યૂનતમ વ્યાવસાયિક અને ગુણવત્તાપૂર્ણ માનાંકોનું પાલન કરે છે કે કેમ તે જાણવા જે સંસ્થાની ભલામણ કરેલ છે તે કઈ સંસ્થા છે ?

(A) SSSA
(B) PARAKH
(C) DIKSHA
(D) SWAYAM

263. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2020 ના પ્રકરણ-8 માં સૂચવવામાં આવેલ SQAAF નું પૂરું નામ (Full Form) શું છે ?

(A) State Quality Assessment & Accreditiion Framework
(B) School Quality Assessment & Accreditiion Framework
(C) State Quality Accreditiion & Assessment Framework
(D) School Quality Accreditiion & Assessment Framework

264. માહિતીનો અધિકાર અધિનિયમ- 2005 અંતર્ગત પ્રથમ અપીલ અધિકારીના હુકમથી નારાજ થયેલ વ્યકિતએ રાજ્ય માહિતી આયોગમાં કેટલા દિવસમાં અપીલ દાખલ કરવી જોઈએ ?

(A) 30 દિવસ
(B) 45 દિવસ
(C) 60 દિવસ
(D) 90 દિવસ

265. માહિતી અધિકાર અધિનિયમ- 2005 અંતર્ગત કેન્દ્રીય મુખ્ય માહિતી કમિશ્નરોની નિમણૂક માટે રચવામાં આવેલ સમિતિમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) પ્રધાનમંત્રી
(B) લોકસભા વિરોધપક્ષના નેતા
(C) પ્રધાનમંત્રી નામનિયુક્ત કરેલ કેન્દ્રીય કેબીનેટ મંત્રી
(D) પ્રધાનમંત્રી નામનિયુક્ત કરેલ રાજ્ય કક્ષાના મંત્રી

266. મધ્યાહન ભોજન યોજના સંદર્ભમાં નીચે મુજબના કયા ઉદ્દેશો રાખવામાં આવેલ છે ?

(1) પ્રાથમિક શાળાના બાળકોના પોષણની સ્થિતી સુધારવી

(2) પ્રાથમિક શાળામાં બાળકોની હાજરી વધારવી અને શાળા છોડી જનાર બાળકોની સંખ્યા ઘટાડવી

(3) ખંડસમયનો રોજગાર પૂરો પાડવો

(A) ફકત (1) સાચું
(B) ફકત (1) અને (2) સાચાં
(C) (1), (2) અને (3) સાચાં
(D) ફકત (2) અને (3) સાચાં

267. મધ્યાહન ભોજન યોજના અંતર્ગત વર્ષ 2021-22 દરમ્યાન ધોરણ-1 થી 5 ના વિદ્યાર્થીઓ માટે પ્રતિદિન પ્રતિ વિદ્યાર્થી કેટલી કુકીંગ કોસ્ટની ચૂકવણી કરવામાં આવે છે ?

(A) રૂ. 7.45
(B) રૂ. 4.97
(C) રૂ. 7.97
(D) રૂ. 4.45

268. રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (2005) દસ્તાવેજ સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) પ્રો.રામમૂર્તિ
(B) પ્રો.યશપાલ
(C) પ્રો.મર્મર મુખોપાધ્યાય
(D) પ્રો.ઈશ્વરભાઈ પટેલ

269. NCF- 2005 ની રચના કરતી વખતે કયા દસ્તાવેજની ભલામણોને ધ્યાનમાં રાખવામાં આવી હતી ?

(A) લર્નીંગ વીધાઉટ બર્ડન
(B) માધ્યમિક શિક્ષણ પંચ
(C) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 1968
(D) લર્નીંગ ધ ટ્રેઝર વીધીન

270. MOOC નું Full Form શું છે ?

(A) Mater Online Open Courses
(B) Mobile Online Open Courses
(C) Massive Online Open Courses
(D) Massive Open Online Courses

271. GIET નું પૂરું નામ શું છે ?

(A) Gujarat Institute of Educational Technology
(B) Gujarat Innovative Educational Technology
(C) Gujarat Institute of Innovative Technology
(D) Gujarat Innovative Institute of Technology

272. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 માં જણાવેલ ભારતીય જ્ઞાન પ્રણાલી સંદર્ભે વૈદિક ગણિતના અમલીકરણ બાબતે નીચે દર્શાવેલ જોગવાઈઓ પૈકી કઈ જોગવાઈ સાચી નથી ?

(A) પ્રથમ તબક્કે શૈક્ષણિક વર્ષ 2022-23 માં ધોરણ- 6,7 અને 9 માં અમલ થશે

(B) બીજા તબક્કે શૈક્ષણિક વર્ષ 2023-24 માં ધોરણ- 8 અને 10 માં અમલ થશે

(C) અભ્યાસક્રમ અંગેની જરૂરિયાત મુજબની તાલીમ ગુજરાત માધ્ય.અને ઉચ્ચતર માધ્ય. શિક્ષણ બોર્ડ આપશે

(D) SOE અંતર્ગત પસંદ થનાર તમામ શાળાઓમાં વૈદિક ગણિતનો ફરજિયાત અમલ કરવાનો રહેશે

273. GIET સાથે શું સંલગ્ન છે ?

(A) 'વિદ્યાયન'
(B) 'વિદ્યાભારતી'
(C) 'વિદ્યાભવન'
(D) 'વિદ્યાદર્શન'

274. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 માટે રચાયેલા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) વસુધા કામત
(B) કે.કસ્તુરીરંગન
(C) એમ.કે.શ્રીધર
(D) મંજૂલા ભાર્ગવ

275. ટેકનોલોજીના વિવિધ સાધનોની મદદથી શીખવા-શીખવવાની પ્રક્રિયા અને વર્ગખંડ ઈન્ટરેકટીવીટીમાં અભિવૃધ્ધિ કરતો કયો કાર્યક્રમ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળોમાં હાલમાં અમલમાં છે ?

(A) ICT Lab
(B) જ્ઞાનકુંજ
(C) પ્રજ્ઞા
(D) DELL-Lab

276. સંશોધિત રાષ્ટ્રીય અભ્યાસક્રમના દસ્તાવેજનો આરંભ રવીન્દ્રનાથ ટાગોરના કયા નિબંધના ઉદાહરણથી થાય છે ?

(A) ગગન વિહાર
(B) શોધ ખોળ
(C) સભ્યતા અને પ્રગતિ
(D) ગંગાજળ

277. રજીસ્ટર થયેલ માધ્યમિક શાળાના શિક્ષક સામે શાળા સંચાલક મંડળ મોટી શિક્ષા કરવા ઈચ્છે છે. આ માટે રચવામાં આવેલ તપાસ સમિતિએ પ્રથમ બેઠક મળ્યાના કુલ કેટલા દિવસમાં તપાસ પૂર્ણ કરવાની રહેશે ?

(A) 120 દિવસ
(B) 150 દિવસ
(C) 180 દિવસ
(D) 210 દિવસ

278. પૂર્ણકાલીન શિક્ષકે શાળાની જરૂરિયાત મુજબ દરરોજ વિરામના સમય બાદ કરતાં અઠવાડિયાના કેટલા કલાક સુધી શાળાના કામકાજના સમય દરમ્યાન શાળામાં હાજર રહેલુ જોઈએ તે બાબતે ગુ.માધ્ય.શિક્ષણ વિનિયમો- 1974 માં શી જોગવાઈ છે ?

(A) 21 કલાક
(B) 27 કલાક
(C) 30 કલાક
(D) 45 કલાક

279. શાળાના કર્મચારી તબીબી પ્રમાણપત્રના આધારે અર્ધપગારી રજા મંજૂર કરાવી શકશે. આ અર્ધપગારી રજાની મુદત એકીસાથે કેટલા દિવસ પૂરતી મર્યાદીત રહેશે ?

(A) 120 દિવસ
(B) 240 દિવસ
(C) 360 દિવસ
(D) 5 વર્ષ

280. રજીસ્ટર માધ્યમિક શાળાના કર્મચારીને મોટી શિક્ષા કરવા માટે રચવામાં આવતી તપાસ સમિતિમાં નીચે પૈકી કોનો સમાવેશ કરવામાં આવતો નથી ?

(A) સંબંધિત શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ
(B) સંબંધિત કર્મચારીએ નિયુક્ત કરેલ પ્રતિનિધિ
(C) જે તે જિલ્લા માટે બોર્ડ તૈયાર કરેલ પેનલ માંથી શાળાના આચાર્યએ પસંદ કરેલ એક સભ્ય
(D) જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એજ્યુકેશનલ ઈન્સ્પેકટર

281. રજીસ્ટર થયેલ માધ્યમિક શાળાના પટાવાળાએ શાળામાં ફરજ પર હાજર થવા અને છૂટા થવા માટે ગુ.મા.શિક્ષણ વિનિયમો 1974 માં શી જોગવાઈ કરવામાં આવી છે ?

(A) પટાવાળાએ શાળા શરૂ થવાના સમય પહેલાં એક કલાક અગાઉ અને શાળા સમય પૂરો થયા બાદ એક કલાક સુધીનો સમય ફરજ પર હાજર રહેવાનું રહેશે .
(B) પટાવાળાએ શાળા શરૂ થવાના સમય પહેલાં એક કલાક અગાઉ અને શાળા સમય પૂરો થયા બાદ અડધો કલાક સુધીનો સમય ફરજ પર હાજર રહેવાનું રહેશે .
(C) પટાવાળાએ શાળા શરૂ થવાના સમય પહેલાં અડધો કલાક અગાઉ અને શાળા સમય પૂરો થયા બાદ એક કલાક સુધીનો સમય ફરજ પર હાજર રહેવાનું રહેશે .
(D) પટાવાળાએ શાળા શરૂ થવાના સમય પહેલાં અડધો કલાક અગાઉ અને શાળા સમય પૂરો થયા બાદ અડધો કલાક સુધીનો સમય ફરજ પર હાજર રહેવાનું રહેશે .

282. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો- 1974 વિનિયમ-27 અંતર્ગત માધ્યમિક શાળામાં મંગાવવાના થતા સામાયિકાના લવાજમ ભરવાની જવાબદારી (ફરજ) કોને સોંપવામાં આવી છે ?

(A) કારકૂની સ્ટાફ (B) શાળાના શિક્ષક

(C) શાળાના આચાર્ય (D) શાળાના સંચાલક

283. આંગણવાડીમાં પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (ECCE) ના શિક્ષક સંવર્ગને તૈયાર કરવા માટે જે આંગણવાડી કાર્યકર્તા 10+2 કે તેથી વધારે શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેમના માટે NEP-2020 માં કયા કોર્સની ભલામણ કરવામાં આવી છે ?

(A) પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનો અનુસ્નાતક કક્ષાનો કોર્સ

(B) પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનો સ્નાતક કક્ષાનો કોર્સ

(C) પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનો 1 વર્ષનો ડિપ્લોમા કોર્સ

(D) પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનો 6 માસનો સર્ટિફિકેટ કોર્સ

284. ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્લેટફોર્મ DIKSHA નું આખું નામ શું છે ?

(A) Digital Infrastructure for Knowledge Sharing

(B) Digital Information for Knowledge Sharing

(C) Detail Information for Knowledge Sharing

(D) Detail Infrastructure for Knowledge Sharing

285. રાષ્ટ્રીય શિક્ષણ નીતી,2020 માં સૂચવવામાં આવેલ રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર (PARAKH) સંદર્ભ નીચે પૈકી શું સાચું નથી ?

(A) PARAKH ના માધ્યમથી સ્ટેટ એચિવમેન્ટ સર્વે હાથ ધરવામાં આવશે

(B) PARAKH ના માધ્યમથી નેશનલ એચિવમેન્ટ સર્વે હાથ ધરવામાં આવશ

(C) આ કેન્દ્ર નવીન મૂલ્યાંકન સંબંધી અને નવીનતમ સંશોધન માટે શાળા બોર્ડને સલાહ આપશે

(D) દરેક રાજ્યમાં પરીક્ષા લેનાર સ્વતંત્ર બોર્ડના સ્થાને બોર્ડની પરીક્ષા ઓ PARAKH દ્વારા લેવામાં આવશે

286. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 અંતર્ગત રચવામાં આવનાર નેશનલ એજ્યુકેશનલ ટેકનોલોજી ફોરમ (NETF) માટે નીચે પૈકી શું સાચું છે ?

(1) NETF નો ઉદ્દેશ તકનીકી અપનાવવા અને કોઈ ક્ષેત્ર વિશેષમાં તેના ઉપયોગથી નિર્ણયોને સરળ બનાવવાનો છે

(2) NETF એ તકનીકીના ઉપયોગ પર વિચારોના મુક્ત આદાન પ્રદાન માટે મંચ પ્રદાન કરવા એક સ્વાયત્ત સંસ્થા છે

(A) ફક્ત (1) સાચું (B) ફક્ત (2) સાચું

(C) (1) અને (2) બંને સાચાં (D) (1) અને (2) બંને ખોટાં

287. માહિતી અધિકાર અધિનિયમ-2005 અંતર્ગત કોઈ વ્યક્તિ રેકર્ડ તપાસણી માટે ઈચ્છા રાખે તો તેની પાસેથી કેટલી ફી વસૂલ કરવાની રહે છે ?

(A) પ્રથમ અડધા કલાક માટે કોઈ ફી નહિ અને ત્યારપછી દરેક અડધા કલાક માટે રૂ.20/-

(B) પ્રથમ અડધા કલાક માટે કોઈ ફી નહિ અને ત્યારપછી દરેક કલાક માટે રૂ.20/-

(C) પ્રથમ કલાક માટે કોઈ ફી નહિ અને ત્યારપછી દરેક કલાક માટે રૂ.20/-

(D) પ્રથમ કલાક માટે કોઈ ફી નહિ અને ત્યારબાદ દરેક અડધા કલાક માટે રૂ.20/-

288. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર માસે કયું સામાયિક પ્રસિદ્ધ કરવામાં આવે છે ?

(A) માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ (B) શિક્ષણ અને પરીક્ષણ

(C) જીવન શિક્ષણ (D) બાલ સૃષ્ટિ

289. શૈક્ષણિક વર્ષ 2021-22 માટે ધોરણ-10 ની પરીક્ષા પદ્ધતિ કયા પ્રકારની નિયત કરવામાં આવેલ છે ?

(A) 20% હેતુલક્ષી અને 80% વર્ણનાત્મક પ્રશ્નો (B) 30% હેતુલક્ષી અને 70% વર્ણનાત્મક પ્રશ્નો

(C) 50% હેતુલક્ષી અને 50% વર્ણનાત્મક પ્રશ્નો (D) 40% હેતુલક્ષી અને 60% વર્ણનાત્મક પ્રશ્નો

290. સામાજિક અને શૈશ્રણિક રીતે પછાત વર્ગો માટે શિક્ષણમાં વધારો થાય તેમજ આ જાતિના વિદ્યાર્થીઓને સારી રીતે શિક્ષણ મળી શકે તે માટે આદર્શ નિવાસી શાળાની યોજના કયા વર્ષથી શરૂ કરવામાં આવી છે ?

(A) 1990-91
(B) 1984-85
(C) 1986-87
(D) 1995-96

291. આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ માટે ઓછામાં ઓછા 60% ગુણ મેળવેલા હોવા જોઈએ,પરંતુ કન્યાઓ, અતિપછાત છાત્રો, દિવ્યાંગ છાત્રો અથવા વિધવા ત્યકતાના બાળકોના કિસ્સામાં કેટલા ટકા સુધી ગુણદોષના આધારે છૂટછાટ મૂકી શકાય છે ?

(A) 45%
(B) 40%
(C) 35%
(D) 42%

292. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના સરકારી છાત્રાલયોમાં પ્રવેશ મેળવવા માટે (ફ્રેશ) નવા વિદ્યાર્થી / વિદ્યાર્થીની એ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા કેટલા ગુણ મેળવેલા હોવા જોઈએ ?

(A) 45%
(B) 50%
(C) 55%
(D) 60%

293. આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશ કેટલા રૂપિયાની મર્યાદામાં આપવામાં આવે છે ?

(A) રૂ.500/-
(B) રૂ.600/-
(C) રૂ.800/-
(D) રૂ.1000/-

294. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ ના છાત્રાલયમાં પ્રવેશ માટે કુમાર તથા કન્યા છાત્રો માટે આવક મર્યાદા કેટલી નકકી કરવામાં આવેલ છે ?

(A) રૂ. 2.50 લાખ
(B) રૂ. 1.50 લાખ
(C) રૂ. 2.00 લાખ
(D) રૂ. 3.00 લાખ

295. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મેડિકલ અને એનેજીનિયરીંગમાં અભ્યાસ કરતાં અને કોલેજ સંલ્ગન છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓને ભોજનબીલ પેટે માસિક રૂ.1500/- ભોજનબીલ રાહત કેટલા માસ માટે આપવામાં આવે છે ?

(A) 12 માસ
(B) 08 માસ
(C) 10 માસ
(D) 11 માસ

296. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને એમ.ફીલ. માટે અને પી.એચ.ડી.ના મહાનિબંધ તૈયાર કરવા માટે અનુક્રમે કેટલા રૂપિયાની વૃત્તિકા (Stipend) આપવામાં આવે છે ?

(A) રૂ. 20,000 અને 25,000
(B) રૂ. 30,000 અને 35,000
(C) રૂ. 35,000 અને 40,000
(D) રૂ. 25,000 અને 30,000

297. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને એક વર્ષના માન્ય વ્યવસાયિક અભ્યામક્રમો અને સરકારી આઈ.ટી.આઈ.ના અભ્યાસક્રમો માટે માસિક રૂ. ....... સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે

(A) રૂ. 300
(B) રૂ. 400
(C) રૂ. 500
(D) રૂ. 600

298. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ધોરણ-9 થી 10 માં અભ્યાસ કરતા વિદ્યીર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા માટે ગ્રામ્યવિસ્તારમાં આવકમર્યાદા કેટલી છે ?

(A) રૂ.1,00,000/-
(B) રૂ.1,10,000/-
(C) રૂ.1,20,000/-
(D) રૂ.1,50,000/-

299. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ધોરણ-11,12 વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન માટે કેટલી સહાય આપવામાં આવે છે ?

(A) રૂ.25,000/-
(B) રૂ.30,000/-
(C) રૂ.35,000/-
(D) રૂ.50,000/-

300. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારને કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે વાર્ષિક 4% વયાજ દરે કેટલી લોન આપવામાં આવે છે ?

(A) રૂ.20 લાખ
(B) રૂ.25 લાખ
(C) રૂ.30 લાખ
(D) રૂ.15 લાખ